ગાંધીનગરના વિકાસની સાથે અલગ ઓળખ ઉભી કરવા ભાજપ કટિબદ્ધ છે

મિલ્કતવેરાની નવેસરથી સમીક્ષા કરાશે : દર સપ્તાહે વોર્ડમાં બે દિવસ જન બેઠકો યોજાશે : ૨૦૨૩માં મેટ્રો રેલ પ્રોજેક્ટ પૂર્ણ થશે : નવા વિસ્તારોમાં ડસ્ટબીનોનું વિતરણ કરાશે : ''ગાંધીનગર દર્શન''ની ખાસ વ્યવસ્થા સહિતના વિવિધ મુદ્દાઓ સાથે સંકલ્પ-સિદ્ધિ પત્રની ઘોષણા કરાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકામાં ભાજપ પ્રચંડ જનમત સાથે શહેરના વિકાસને વધુ વેગવાન બનાવી તેની અલગ ઓળખ પ્રસ્થાપિત કરવા માટે સંકલ્પ બદ્ધ છે. શહેરના વિકાસ માટે જનતા સાથે પરામર્શ કરવામાં આવશે અને સપ્તાહમાં દરેક વોર્ડમાં બે દિવસ જન બેઠકો યોજવામાં આવશે.

ભારતીય જનતા પક્ષે મનપાની ચૂંટણી અંગે આજે તેનું સંકલ્પ પત્ર-સિદ્ધિઓ સાથે જારી કર્યુ છે. પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ અને ચૂંટણી ઈન્ચાર્જ અમીતભાઈ ઠાકરની ઉપસ્થિતિમાં તે જારી કરવામાં આવેલ સંકલ્પ પત્રમાં સંકલ્પો કરતાં સિદ્ધિઓ વધુ વર્ણવવામાં આવેલ છે.

ગાંધીનગરને મેટ્રોરેલ ૨૦૨૩માં ઉપલબ્ધ થશે તેમ આ સંકલ્પ-સિદ્ધિ પત્રમાં જણાવાયુ છે. ગાંધીનગર મનપા અંગે નવા સંકલ્પો અંગે નવી ભરતી કરવામાં આવશે તેમજ મિલ્કતવેરો વેપાર-ધંધાની જગ્યાના વેરાની નવેસરથી સમીક્ષા કરી યોગ્ય માળખુ તૈયાર કરવામાં આવશે તેમ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેર એ સરકારી કર્મચારીઓનું જ નહિ પરંતુ સૌ રાજ્યવાસીઓનું પાટનગર પણ છે. એટલે તેને વિકાસની આગવી ઓળખ આપવા માટે દર સપ્તાહે બે દિવસ વોર્ડ બેઠક કરી જનમત મેળવવામાં આવશે અને હાલના વિકાસને નવી ઊંચાઈ પર લઈ જવામાં આવશે.

વરસાદની બદલાયેલી પેટર્નને ધ્યાને રાખી ગાંધીનગર શહેરમાં વધુ ૫૦ રિ.ચાર્જ વેલ બનાવવામાં આવશે. વિશ્વબેંકની સહાય હેઠળ સેફ કોરીડોર ડેમોસ્ટ્રેશન પ્રોજેક્ટ ૪.૦ થી ઈન્દિરાબ્રીજ સુધી ઈન્ટેલીજીન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ મુજબ જીએસએચપી-૨ ની કામગીરી શરૂ કરવામાં આવી છે.

કુડાસણ ખાતે સિનીયર સિટીજન પાર્કનું નિર્માણ કરાશે. નવા સમાવિષ્ટ વિસ્તારોમાં ૪૦ બગીચાઓનું નિર્માણ કરાશે. કુડાસણ અને સરગાસણમાં એક-એક પુસ્તકાલય બનાવવામાં આવશે. દરેક વોર્ડમાં ફિઝીયોથેરાપી સેન્ટર સાથે પ્રા.આ. કેન્દ્ર નિર્માણ કરાશે.

ગાંધીનગર એ રાજ્યનું પાટનગર હોવાથી અને અહિ આવતા પ્રવાસીઓ માટે ''ગાંધીનગર દર્શન''ની અલાયદી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં નવા ભેળવવામાં આવેલ વિસ્તારોમાં ઘરે ઘરે ડસ્ટબીન આપવાની વાત પણ આ સંકલ્પ પત્રમાં કરવામાં આવી છે. તેમજ શહેરની આંતરિક સફાઈ વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવામાં આવશે.

આજની પત્રકાર પરિષદમાં અમીતભાઈ ઠાકર અને રજનીભાઈ પટેલે પક્ષ સંપૂર્ણ બહુમતિ સાથે વિજયી થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે આપ આદમી પાર્ટી ભાજપના નહિ પણ કોંગ્રેસના મત તોડશે. ભાજપનો મતદાર રાષ્ટ્રવાદી અને રાષ્ટ્રભક્તિ સાથે સંકળાયેલો છે.

દિલ્હી અને સુરતમાં ભાજપનો વોટ શેર વધ્યો છે નુકશાન કોંગ્રેસને થયુ છે : અમીત ઠાકર

ગાંધીનગર, તા. ૨૯

આપ આદમી પાર્ટી મનપાની ચૂંટણીમાં ભાજપના નહિ કોંગ્રેસના મત તોડશે. દિલ્હીમાં રચાયેલ આપ આદમી પાર્ટીની સરકાર હોવા છતાં ભાજપના વોર્ટશેરમાં વધારો થયો છે. સુરત મનપામાં પણ બેઠકો અને વોટ શેરમાં વધારો થયો છે. ગાંધીનગરમાં પણ આવુ જ થશે તેમ ભાજપના ચૂંટણી ઈન્ચાર્જ અમીત ઠાકરે આજે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યુ હતુ.

ભાજપ તડજોડની રાજનીતિમાં નથી માનતુ. મહેન્દ્રસિંહ રાણા અને પ્રવિણ પટેલ ભાજપના હતા અને ભાજપમાં પરત ફર્યા છે. ભાજપનો મતદાર એ રાષ્ટ્રવાદી અને રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલો છે તેને કોઈ તોડી શકે તેમ નથી.

અમીત ઠાકરે જણાવ્યુ હતુ કે પાટનગરની અગાઉ ધૂળિયા નગર તરીકેની ઓળખ હતી તેમાં આજે બદલાવ આવ્યો છે. વિકાસની રાજનીતિ એ અમારા પક્ષની ઓળખ છે. ગાંધીનગરને હરિયાળુ માળખાકીય સુવિધાઓથી સુદૃઢ આધુનિક અને સ્માર્ટ શહેર બનાવવા અમે સંકલ્પબદ્ધ છીએ.

ગાંધીનગરમાં પ્રજાના પરસેવાનો એક એક પૈસો ઈમાનદારીથી વપરાશે

ગાંધીનગરમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયાએ પ્રબુદ્ધ નાગરિકો સાથે સંવાદ કર્યો : તમારા એક વોટમાં ગાંધીનગરનું ભવિષ્ય બદલવાની તાકાત, આમ આદમી પાર્ટી યુવાનો માટે મોટી આશા : મનીષ સિસોદીયા : ગાંધીનગરમાં જોડાયેલાં ગામો માટે ખાસ બજેટ ફાળવવાનું વચન

ગાંધીનગર તા. ૨૯

ગાંધીનગરમાં આજે દિલ્હીના નાયબ મુખ્યમંત્રી અને દેશના શ્રેષ્ઠ શિક્ષણમંત્રી તરીકે જેમની નામના થઈ રહી છે તેવા મનીષ સીસોદીયા એક દિવસની મુલાકાતે પધાર્યા હતા. સવારે પાટનગરના સુપ્રસિદ્ધ અક્ષરધામની મુલાકાત લીધા બાદ મનીષ સીસોદીયાએ ગિફ્ટ સિટી ખાતે નાગરિક સમિતિ આયોજિત ''ગાંધીનગર સંવાદ'' કાર્યક્રમ હેઠળ શહેરના પ્રબુદ્ધ નાગરિકો સાથે ''આવો બનાવીએ આપણાં સપનાનું ગાંધીનગર'' વિષયે વાર્તાલાપ કર્યો હતો. આ સંવાદમાં તેમની સાથે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા, પ્રદેશ નેતા ઈશુદાન ગઢવી જોડાયાં હતા. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન નાગરિક સમિતિ વતી નિવૃત સરકારી અધિકારી અને વરિષ્ઠ પત્રકાર-કટારલેખક મનોજ શુકલએ સંભાળ્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમમાં ગાંધીનગરના અનેક ક્ષેત્રના અગ્રણીઓ તેમજ આમ આદમી પાર્ટીના પ્રદેશ અને ગાંધીનગર શહેર-જિલ્લા સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

મનોજ શુકલએ ''ગાંધીનગર સંવાદ'' કાર્યક્રમની શરૂઆત દુષ્યંત કુમારની એક પંક્તિથી કરી હતી જે આ મુજબ હતી ''યહાં દરખ્તોકે સાયેમેં મુઝે ધૂપ લગતી હૈ, ચલો યહાં સે ચલે ઔર ઉમ્રભર કે લીએ'' અને આ સ્થિતિમાં જવાબદારી જરૂરી છે ત્યારે આજે એવો સંયોગ રચાયો છે કે ''અહી કોઈ પ્રશ્ન પૂછી રહ્યું છે તો સામે કોઈ જવાબ આપવા બેઠું છે.'' મનોજ શુકલએ ''ગાંધીનગર સંવાદ'' કાર્યક્રમમાં મનીષ સીસોદીયાને શિક્ષણને લગતા પ્રથમ સવાલથી સંવાદની શરૂઆત કરી હતી.

પ્રશ્ન : દિલ્હીના શિક્ષણ મોડેલની ચર્ચા ચોતરફ ખૂબ થાય છે, જો તમારી પાર્ટી ગાંધીનગરમાં સત્તામાં આવશે તો આ મોડેલ અહી પણ લાગુ કરશો ?

જ: હું ગાંધીનગરના નાગરિકોને કહેવા માંગુ છુ કે તમારો એક વોટ માત્ર ગાંધીનગરનું જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતનું ભવિષ્ય બદલવાની તાકાત રાખે છે, દિલ્હીમાં જો શિક્ષણમાં પરીવર્તન આવ્યું હયો તો એટલા માટે આવ્યું છે કે નાગરિકોએ તે માટે મત આપ્યો છે, આપનો મત હથિયાર છે જેનો ઉપયોગ તમારા બાળકોના શિક્ષણની તસવીર બદલવા માટે કરો, દિલ્હીમાં જો શિક્ષકો આ કરી શકે છે તો ગુજરાતનાં શિક્ષકો પણ કરી શકે છે, જરૂર છે માત્ર રાજકીય ઈચ્છાશક્તિની, રાજનેતાઓ જો શિક્ષકો પર વિશ્વાસ મૂકશે તો બધુ જ શક્ય છે, અને આમ આદમી પાર્ટી ગાંધીનગરમાં સત્તા મેળવશે તો અહી પણ તે કરી દેખાડશે. અહીની શાળાઓમાં કોઈ રાજનેતા તેમના બાળકોને ભણાવવા પસંદ નથી કરતો, દિલ્હીમાં શાળાઓ એવી થઈ ગઈ છે કે એમાં પોતાના બાળકોને ભણાવવા માટે લાઈનો લગાવે છે.

પ્રશ્ન : (પ્રદીપસિંહ બિહોલા) ''અત્યારે ગાંધીનગરમાં એવી પરિસ્થિતિ છે કે મોટી સંખ્યામાં બેરોજગાર યુવાનો જોવા મળે છે અને બહારથી પણ અનેક બેરોજગાર યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષા માટે અહી આવે છે, તમારી પાર્ટી એમના માટે શું કરશે?''

જ.: આમ આદમી પાર્ટી યુવાનો માટે મોટી આશા છે, જવાબદાર સરકાર જ આ યુવાનોની જવાબદારી ઉપાડી શકે છે, દિલ્હીમાં અમે આ આશા પર ખરા સાબિત થયા છીએ અને મને ખુશી છે કે આજે ગુજરાતમાં પણ અમને આ સવાલ કરવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટી પાસે એવી અપેક્ષા રાખવામા આવે છે કે સત્તામાં આવીને તમને નિર્ણય કરવાની તક મળે છે, તો એવા નિર્ણય લો જે નાગરિકો ઈચ્છે છે.

પ્રશ્ન : (પંકજ પટેલ સીએ) : ''ગાંધીનગરમાં અત્યારે યોગ્ય આરોગ્ય સુવિધા નથી તો તમે ગાંધીનગરમાં સારી આરોગ્ય સેવાઓ આપી શકશો? તે માટે બજેટ ક્યાથી લાવશો? દિલ્હીની જેમ અહી પણ મહોલ્લા ક્લિનિકનું મોડેલ લાગુ કરશો?''

જ.: રસપ્રદ સવાલ છે, જેમ મ્યુનિસિપલ કોર્પોરેશનનું કામ યુનિવર્સિટી બનાવવાનું નથી પણ તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તો સારા બનાવી શકે છે તેજ રીતે આરોગ્ય ક્ષેત્રે પણ મ્યુનિસિપલ કોર્પોરેશન કોઈ મોટી હોસ્પિટલ કદાચ ના બનાવી શકે પરંતુ સારા મહોલ્લા ક્લિનિક તો જરૂર બનાવી શકે છે, મહાનગરપાલિકાની એ જવાબદારી છે જે માટે તે બાબતે ડો. બાબાસાહેબ આંબેડકરે સંવિધાનમાં જ સત્તા આપી છે કે પોતાના શહેરમાં નાગરિકોની પ્રાથમિક સારવારની વ્યવસ્થા નગર નિગમ કરશે. જો ૨૭ વર્ષની ભાજપ સરકારના રાજયના પાટનગરમાં જો આ સવાલ ઊભો થાય

● અનુસંધાન પાન-૭ પર

આગામી ૪૮ કલાક મહાજંગના પ્રચાર માટે નિર્ણાયક બની રહેશે

બુધવારે ભાજપના સી.આર. પાટીલ, પુરૂષોત્તમ રૂપાલા અને હર્ષ સંઘવીની સભાઓ અને 'આપ'ના મનિષ સિસોદીયાનો નગર સંવાદ કાર્યક્રમ છવાયેલો રહ્યો

મહાનગરનો મહાજંગ

મહાનગરના મહા જંગના પ્રચાર માટે હવે માત્ર ૪૮ કલાક બાકી છે ત્યારે ત્રણેય પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. બુધવાર આખો દિવસ રાજકીય કાર્યક્રમોથી ભરપુર રહ્યો. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, કેન્દ્રિય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા, ગૃહમંત્રી હર્ષ સંઘવી સહિત રાજ્ય મંત્રીમંડળના સભ્યો સેક્ટરો અને સોસાયટીઓમાં ફરતા જોવા મળતા હતા. સેક્ટર-૨૪ અને ૨૬ની જાહેર સભાઓ પણ ભાજપની સિદ્ધિઓથી ગાજી હતી, તો કોંગ્રેસે દરેક વોર્ડમાં પાંચ-પાંચ ધારાસભ્યો ૭૨ કલાક માટે ઉતાર્યા છે. સગા-સંબંધીઓ-જ્ઞાતિ સમાજો-નાના મોટા સંપર્કોની યાદી લઈને આઠ ધારાસભ્યો પણ કોંગ્રેસના ઉમેદવારોને જીતાડવા મેદાનમાં ઉતાર્યા છે. તો ત્રીજી તરફ આમ આદમી પાર્ટીએ દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયાને પ્રચારમાં બોલાવી જંગને વધુ તીવ્ર બનાવ્યો છે.

કોંગ્રેસના ૬૦ ધારાસભ્યો પ્રચારકાર્યમાં જોડાતા જંગ રોમાંચક બની ગયો છે

પેથાપુરનો રોડ શૉ હોય કે રક્ષાશક્તિ સર્કલ હોય, આમ આદમી પાર્ટીના દેખાવે જન-જનમાં ચર્ચા જગાવી છે.

વહેલી સવારથી હળવા-ભારે વરસાદના જાપટા ચૂંટણીના પ્રચારમાં વિલન બની રહ્યા હતા. ત્રણેય પક્ષના કાર્યકરો સતત

● અનુસંધાન પાન-૭ પર

મનપાના પ્રચાર અભિયાનમાં બહારથી આવેલા કાર્યકરો રંગ જમાવી રહ્યા છે...

મતદાર હજુય અકળ અને નિરૂત્સાહી જોવા મળી રહ્યો છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના મતદાનની આડે હવે ૯૦ કલાકથી પણ ઓછો સમય બાકી છે ત્યારે આ ત્રિ-પાંખિયા જંગમાં વિજય મેળવવા ત્રણેય પક્ષોએ શહેર બહારના કાર્યકરોની ફોજ ઉતારી પ્રચાર અભિયાનને આક્રમક જરૂર બનાવ્યુ છે પરંતુ મતદાર હજુ અકળ અને નિરૂત્સાહી જોવા મળી રહ્યો છે.

ત્રણેય પક્ષના ઉમેદવારોના ડોર ટુ ડોર અભિયાનમાં ઉમેદવારોને આવકારો જોઈએ તેવો મળ્યો નથી તેમજ ઉમેદવારોને સારૂ હજુ તો વાર છે ને તેવા જવાબો વધુ મળ્યા છે.

ગાંધીનગર મનપાની આ ત્રીજી સામાન્ય ચૂંટણી છે અને જે રીતે વરસાદ અને વાવાઝોડાની સંભાવનાઓ વચ્ચે મતદાન કેવુ કેટલુ થશે તેની અટકળો વધુ ચર્ચાતી સાંભળવા મળી છે.

ભાજપે મતદાન માટે થ્રી લેયર બુથ મેનેજમેન્ટ બનાવ્યાની વાત છે જેમાં જો મતદાન ઓછુ હશે તો છેલ્લા કલાકોમાં ઈમરજન્સી બુથ મેનેજમેન્ટની ટીમ કામે લાગશે બાકી સવારે ૭ થી ૧૨ માટે અલગ ટીમ અને ૧૨ થી ૩ માટે અલગ બુથ મેનેજમેન્ટ ટીમ મેદાનમાં રહેશે તેમ પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

કોંગ્રેસ-આપ આદમી પાર્ટીએ મતદાનની રણનીતિ અંગે તેના પત્તા છાતી સરખા રાખ્યા છે. જો કે મિત્રમંડળની રાજનીતિ થકી આ બન્ને પક્ષો મતદારોને મનાવી અને લઈ આવશે તેમ મનાઈ રહ્યુ છે.

હાલ તો ગાંધીનગરમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ડાંગ, ગાંધીનગર ગ્રામ્ય, મહેસાણા અને સાબરકાંઠાના કાર્યકરોએ ચૂંટણીનો માહોલ જમાવવામાં સફળતા જરૂર હાંસલ કરી છે.

સપ્ટેમ્બર માસના અંતે ચોમાસુ જામ્યુ છે. અરબી સમુદ્ર અને બંગાળના અખાતમાં સર્જાયેલા વાવાઝોડાના કારણે રાજ્યમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ઉત્તર ગુજરાતથી લઈને છેક દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રથી લઈને કચ્છ સુધી વરસાદી માહોલ છે. ગાંધીનગરમાં હજુ બહુ વરસાદ નથી પરંતુ વાદળોનો જમાવડો ખૂબ જ છે. આકાશમાં દૂર સુધી વાદળોનો જમાવડો જોઈ શકાય છે.

શિક્ષણ બોર્ડની ચુંટણી બાદ શિક્ષકો કોર્પોરેશનની ચુંટણીમાં મતદાન કરી શકશે ..!!

ગાંધીનગર તા ૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય ચુંટણી ગત તા ૨૫ સપ્ટેમ્બરના રોજ યોજવામાં આવી હતી સમગ્ર રાજયમાં કુલ ૧૦૮ મતદાન મથકોએ મતદાનની પ્રકીયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ૫૦ હજારથી વધુ મતદારોએ મતદાન કર્યુ હતુ. ગાંધીનગરમાં પણ શિક્ષકો તેમજ સંચાલકોએ મતદાન કર્યુ હતુ. ત્યારે મતદાનના અંતે મતદારોના હાથ પર શાહીથી માર્કીંગ પણ કરવામાં આવ્યુ હતુ જયારે હાલ ગાંધીનગરમાં કોર્પોરેશનની ચુંટણી છે. જેને અનુલક્ષી આગામી તા ૩ ઓકટોબરના રોજ મતદાન થવાનુ છે. ત્યારે આ શિક્ષણ બોર્ડમાં મતદાન બાદ હાથની આંગળી પર મતદાનની શાહીનુ નિશાન લઈને ફરતા શિક્ષકો સહીતના બોર્ડના અન્ય મતદારોને કોર્પોરેશનની ચુંટણીમાં મતદાન કરવા મળશે કે નહીં તેવી મુંઝવણ સતાવી રહી છે. કોર્પોરેશનની ચુંટણીને અનુલક્ષી શહેરમાં એકબાજુ રાજકીય ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે. રાજકીય પક્ષો સતત સેકટરોની શેરીઓમાં પ્રચાર કરતા નજરે પડે છે. બીજીતરફ શિક્ષણ બોર્ડમાં મતદાન કરીને મતદાનનુ ચિન્હ લઈને ફરતા શિક્ષકોમાં કોર્પોરેશનની ચુંટણીમાં તેમનો કીંમતી મત નિર્ણાયક સાબિત થશે કે નહી તેવી મુંઝવણ પ્રવર્તી છે. કોર્પોરેશનની ચુંટણીને અનુલક્ષી આગામી તા ૩ ઓકટોબરના રોજ મતદાનની પ્રકીયા હાથ ધરાશે જયારે આટલા ટુંકા સમયગાળામાં તેમના હાથની આંગળી પરથી મતદાનને અનુલક્ષી કરવામાં આવેલી શાહીનુ માર્કીંગ દુર થશે નહી જેથી તેમને મતદાન કરવા મળશે નહી તેવો પણ સવાલ ઉભો થયો છે.

શહેરમાં વાવાઝોડાની અસરથી લવલી મોસમનો નઝારો

વરસાદી ઝાપટા વચ્ચે વાતાવરણમાં ઠંડક : શહેરમાં સવારથી જ સુસવાટા મારતા ઠંડા પવના લીધે ઠંડક પ્રસરી : નગરજનોએ ખુશ્નુમા વાતાવરણની મજા માંણી : દિવસે વરસાદના છાંટણા બાદ સાંજે વરસાદી ઝાપટાથી ચોમેર પાણી ભરાયા

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં આજે વાવાઝોડાની અસર વચ્ચે સવારથી જ સુસવાટા મારતા ઠંડા પવન વચ્ચે નગરજનોએ લવલી મોસમની મજા માંણી હતી. સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે ભારે પવન ફુંકાયો હતો જેના લીધે શહેરમાં કેટલાક ઠેકાણે ચુંટણી પ્રચાર માટે લગાવાયેલા બોર્ડસ અને હોર્ડીંગ્સ પણ જમીનદોસ્ત થયા હતા. દિવસ દરમિયાન પવનના સુસવાટા સાથે વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. જયારે સાંજના સમયે રીમઝીમ વરસાદ વરસ્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી વરસાદી ઝાપટા વચ્ચે પણ અસહ્ય ઉકળાટ અનુભવતા નગરજનોને મોસમનો મિજાજ નિખરતા ઠંડકનો અહેસાસ થયો હતો.

ગાંધીનગરમાં વરસાદી મોસમનો નઝારો નિખર્યો છે. ગઈકાલે રાત્રિના સમયે પણ વરસાદી વાતાવરણના લીધે ઠંડક પ્રસરી હતી. જયારે આજે સવારે પણ વાવાઝોડાની અસર વચ્ચે વરસાદી છાંટણા વચ્ચે પવનનુ જોર યથાવત રહ્યુ હતુ. જેના લીધે નગરજનોને આકરા બફારામાંથી છુટકારો મળ્યો હતો. રાજયમાં તાઉતે બાદ ગુલાબ અને હવે સુસવાટા મારતા ઠંડા પવન સાથે વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહ્યુ હતુ. વરસાદી વાયરા વચ્ચે ઠંડક પ્રસરી હતી. દિવસ દરમિયાન સ્થિતિ સર્જાઈ છે. જયારે ગાંધીનગર અમદાવાદમાં પણ આજે દિવસ દરમિયાન વરસાદી વાતાવરણ વચ્ચે હળવા ભારે ઝાપટા વરસતા ચોમેર પાણી શાહીના વાવાઝોડાના લીધે વરસાદી વાયરો ફુંકાયો છે. રાજયમાં અનેક ઠેકાણે ભારે વરસાદના લીધે જળબંબાકારની વરસાદ વરસ્યો ન હતો. પરંતુ વાવાઝોડાની અસર વચ્ચે પવનનુ જોર વધુ રહ્યુ હતુ. સુસવાટા મારતા ઠંડા પવન વચ્ચે શહેરનુ વાતાવરણ ભરાયા હતા. જો કે શહેરમાં સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો નિખર્યો હતો પરંતુ દિવસ દરમિયાન નોંધપાત્ર

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com